**<u>સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો</u>**

**વાઘરી સમાજના લોકોને "દેવીપૂજક" તરીકે ઓળખવા બાબત**

**ગુજરાત સરકાર**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
**ઠરાવ ક્રમાંક: સશપ-૧૧૨૦૦૧-મં.૧૪૮-અ**
**સચિવાલય, ગાંધીનગર.**
**તા.૧-૯-૨૦૦૧**

**વંચાણમાં લીધાં:**
(૧) **મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧-૪-૭૮ ના ઠરાવ ક્રમાંક : બીસીઆર -૧૦૭૮ -૧૩૭૩૪ -હ.**
(૨) **સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૫-૭-૯૪નો ઠરાવ ક્રમાંક: સશપ-૧૧૯૪-૧૪૧૧-અ.**
(૩) **સા.ન્યા.અધિ.વિ.નો તા.૧-૧૨-૨૦૦૦નો ઠરાવ ક્રમાંક: સશપ-૧૧૯૮-મુમ-૧૨૮-અ.**

**પ્રસ્તાવના:**

ગુજરાત સરકારે ઉપર આમુખમાં દર્શાવેલ વિવિધ ઠરાવોથી કેટલીક જાતિઓને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તરીકે જાહેર કરી છે. આ જાતિઓ પૈકી ક્રમાંક- ૮૦ હેઠળ વાઘરી, દાતણિયા વાઘરી, વેડુ વાઘરી, તળપદા વાઘરી, ગામચિયા વાઘરી, ગોદડિયા વાઘરી, ચીભડિયા વાઘરી, મારવાડા અથવા મારવાડા વાઘરી એ મુજબ જુદી જુદી વાઘરી કોમોનો સમાવેશ પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તરીકે કરવામાં આવેલ છે.

આ સંદર્ભમાં સરકાર સમક્ષ રજુઆત થયેલ છે કે વાઘરી જાતિના લોકોને તિરસ્કૃત કરવા અને સામાન્ય વાતચીતમાં પણ કોઈ વ્યકિત પ્રત્યે ધૃણા, અણગમો બતાવવા માટે "વાઘરા" શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. આથી આ સમાજના લોકો સ્વમાન ઘવાવાની લાગણી અનુભવે છે અને સમાજમાં દુ:ખભર્યો અજંપો વર્તાય છે. આથી વાઘરી સમાજના લોકોને **"દેવીપૂજક"** શબ્દથી ઓળખવા અને તેવા શબ્દને સરકાર ધ્વારા માન્યતા આપવામાં આવે તો તેમની લાગણીઓને પૂરતો ન્યાય મળી શકે.

**-:ઠરાવ:-**

આ સંદર્ભમાં પુખ્ત વિચારણા બાદ, સરકારે એવો નિર્ણય કર્યો છે કે ગુજરાત સરકારની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની પ્રસિધ્ધ કરાયેલ યાદીમાં ક્રમાંક: ૮૦, ૮૦(અ) તથા ૮૦(બ) હેઠળ વાઘરી જાતિના જે જુદા જુદા પર્યાયો દર્શાવવામાં આવેલ છે, તેમાં **"દેવીપૂજક"** શબ્દનો પણ પર્યાયરુપે ઉમેરો કરવામાં આવે છે. સરકારના આ નિર્ણય અનુસાર હવેથી, આ જાતિના ઈસમોના મહેસૂલી રેકર્ડ/ પંચાયત રેકર્ડ અથવા અન્ય સરકારી રેકર્ડમાં "વાઘરી" શબ્દનો ઉલ્લેખ હોય તો પણ જો તેઓ **"દેવીપૂજક"** તરીકેનું પ્રમાણપત્ર મેળવવા માંગે તો આવા ઈસમોને સંબંધિત સક્ષમ અધિકારીઓએ "વાઘરી" શબ્દના પર્યાય તરીકે **"દેવીપૂજક"** તરીકે તેમની માગણી મુજબનું જાતિ

પ્રમાણપત્ર આપવું તથા તે આધારે મળવાપાત્ર થતા આનુષાંગિક લાભો પણ આપવાનું સરકાર ઠરાવે છે.

૨. સચિવાલયના સંબંધકર્તા વિભાગો તથા નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતાએ આ સૂચનાઓના યોગ્ય અમલ માટે સંબંધકર્તા અધિકારીઓને યોગ્ય સૂચના આપવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(પી.એમ.પટેલ)**
**ઉપ સચિવ**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**પ્રતિ,**
રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર
મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, ગાંધીનગર
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
સર્વે મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/ નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો
માહિતી કમિશનરશ્રી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર– આ બાબતને બહોળી પ્રસિધ્ધિ આપવાની વિનંતી સહ.
અન્ય પછાત વર્ગો માટેનું પંચ, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ
સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાઓ/ બોર્ડ/ કોર્પોરેશનો
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
સર્વે ખાતાના વડાઓ
વિભાગની તમામ શાખાઓ
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.)/ નાયબ નિયામકશ્રી(વિ.જા.)
સર્વે મામલતદારશ્રીઓ
સિલેક્ટ ફાઈલ.